# Bi 121-OLD TESTAMENT

## પાઠ : ૨૧ છેલ્લી વિપત્તિ અને પાસ્ખાપર્વ (નિર્ગમન અધ્યાય ૧૦-૧૨)

જયારે વ્યકિતઓ એકને એક બાબત વારંવાર કરે છે તો તેનું પરિણામ પણ હંમેશા એક સરખુ આવે છે. જો તમારે બીજુ પરિણામ જોઈએ તો તમારે બીજી રીતે પ્રયત્ન કરવો પડે અથવા તમારા સ્વભાવને બદલવો પડે. આ પાઠમાં આપણે જોઈશું કે, ફારૂન પોતાનું હૃદય કઠણ કરીને મુસા તથા હારૂનને મનાઈ ફરમાવે છે. દેવ પણ ફારૂન પોતાનું હૃદય કઠણ કરે છે તે બાબતને ધ્યાનમાં રાખીને મિસર દેશમાં મોટા ચમત્કારો કરીને પરિણામ સ્વરૂપે તેનો નાશ કરે છે.

મુસાએ ફારૂન પાસે થઈ કહયું, ''કયાં સુધી તું નમ્ર બનવાનું નકારીશ. જો તું ઈસ્રાએલી ઓને જવા દઈશ નહિ તો આ સ્થળ પર એટલા તીડો આવશે કે, જે તેં જોયા નહિ હોય. તેઓ તારા સ્થળો અને તારા ઘરોને ભરી દેશે. જે પાક બચી રહેલો છે તેનો તેઓ નાશ કરશે.'' ફારૂનનાં અધિકારીઓએ પણ યાચના કરી કહયું કે, ''મહેરબાની કરીને આ લોકોન તેમનાં દેવને ભજવાને માટે જવા દે.મિસરનો લગભગ નાશ થયા પછી પણ શું તું તે અનુભવતો નથી.'' આથી ફારૂને મુસાને કહયું, ''જાઓ, પણ તમારામાંથી માત્ર પુરૂષ વર્ગ જઈને જ તમારા દેવની આરાધના કરો.'' મુસાએ પ્રત્યુત્તર આપતા કહયું કે એમ તો નહિ પણ અમે બધાજ અમારા પુત્રો તથા પુત્રીઓને લઈને નાના તથા મોટાને લઈને અમારા ઘેંટા બકરા તથા ઢોરને પણ લઈ જઈશું. આથી ફારૂન ગુસ્સે થયો અને ફારૂનની હજુરીમાંથી તેમને હાંકી કાઢવામાં આવ્યા.

ત્યારે મુસાએ પોતાની લાકડી લંબાવી અને પૂર્વથી તે દિવસ અને તે રાત્રે હવા વહી (ફૂંકાણી) જેમાં પુષ્કળ તિડો આવ્યા. પહેલા કદી તિડોનાં આટલા મોટા ઝૂંડે મિસર દેશનો નાશ કર્યો ન હતો. તેઓએ જમીનમાંની દરેક લીલી વનસ્પતિઓનો નાશ કર્યો અને જમીન ઉજજડ થઈ ગઈ. તીડોથી મિસરીઓનાં ઘરો ઉભરાઈ ગયા અને જમીન કાળી દેખાવા લાગી ત્યાં સુધી ઢંકાઈ ગઈ. ફારૂને તાત્કાલીક મુસાને તેડાવ્યો અને કહયું, ''મેં તમારા દેવ વિરૂઘ્ધ અને તમારી વિરૂઘ્ધ પાપ કર્યુ છે હવે તમે તમારા દેવને પ્રાર્થના કરો કે તે આ ત્રાસદાયક તેમજ નાશકારક વિપત્તિ દુર કરે.'' પહેલાની જેમજ મુસાએ આ વિપત્તિ દુર કરવા દેવને વિનંતી કરી અને પશ્ચિમ તરફથી ભારે પવન ફુંકાણો કે જેનાંથી તીડો દુર થઈને લાલ સમુદ્રમાં પડયા અને મિસરમાં એક પણ તીડ રહયું નહિ. પણ જયારે તે વિપત્તિ દુર થઈ કે ફારૂને ફરી પોતાનું હૃદય ઈસ્રાએલીઓ અને તેઓનાં દેવ પ્રત્યે કઠણ કર્યુ.

દેવે ફરીને મુસાને કહયું કે, તે પોતાનો હાથ આકાશ તરફ લંબાવે કે જેથી સમગ્ર મિસર પર અંધકાર છવાઈ જાય. આ તો ફારૂન રાજાનું સીધુ અપમાન હતુ કેમકે ફારૂનને

મિસરનાં મુખ્ય દેવ સૂર્યનો પુત્ર કહેવામાં આવતો. અંધકાર એટલો ભયંકર હતો કે,

મિસરીઓ એકબીજાને જોઈ શકતા ન હતા. કોઈપણ પોતાની જગ્યાએથી ઉઠયું નહિ. આ અંધકાર ત્રણ દિવસ માટે છવાયેલો રહયો. ત્યારે ફારૂને મુસાને તેડાવ્યો અને કહયું, "હું

તમારા લોકોને અરણ્યમાં આરાધનાને માટે જવા દઈશ. પણ તમારા ઢોરને અહિ જ રહેવા દો." મુસાએ નકાર કરીને જણાવ્યું, ના અમે તથા અમારુ સર્વસ્વ તેમજ ઢોરઢાંખર કે જે

અમારા યજ્ઞને સારુ થશે અને કઈ પણ વસ્તુ મિસરમાં અમે રાખીશું નહિ. ફારૂને ફરીથી નકાર કરીને પોતાનું મન બદલ્યુ અને કહયું, તમે અહિથી જાઓ અને મારી પાસે પાછા આવતા નહિ. હું તમારા લોકોને જવા દઈશ નહિ. મારા શબ્દો સાંભળો. જો હું તમારુ મુખ ફરી જોઈશ તો તમે મરશો. મુસાએ પ્રત્યુત્તર આપતા કહયું, "આજે રાત્રે મિસરમાના તમામ કુટુંબોનો પ્રથમ જનીત માર્યો જશે. ફારૂન કે જે રાજગાદી પર બેઠો છે તેનાથી માંડીને નગણ્ય ગણાતા ગુલામનો પ્રથમ જનીત તેમજ તમારા ઢોરઢાંખરનો પહેલો જન્મેલો મરણ પામશે. સમગ્ર મિસરમાં કલ્પાંત થઈ ઉઠશે. પરંતુ ઈસ્રાએલીઓની સામે એક કુતરા સરખો પણ ભસસે નહિ ત્યારે તમે જાણશો કે, યહોવા દેવ ઈસ્રાએલીઓ અને મિસરીઓની વચ્ચે ભેદ રાખે છે.

ફારૂને મુસાને કાઢી મુકયા બાદ મુસાએ લોકોન કહયું કે, દેવ તરફથી વધુ એક વિપત્તિ આવશે. યહોવા દેવે મુસાને જણાવ્યું કે, "ઈસ્રાએલી લોકોને કહે કે, પ્રત્યેક પુરૂષ તથા પ્રત્યેક સ્ત્રી તેનાં પડોશી પડોશણ પાસેથી સોનાનાં આભુષણ તથા રૂપાના આભુષણ માંગી લે તેમજ મુસાફરીને માટે તમામ સામગ્રી માંગી લે. આ મહિનાના દસમાં દિવસે તમારામાંનું દરેક કુટુંબ એક વર્ષનો નર હલવાન કે જેમાં કઈ ખોડખાંપણ ન હોય તે લે. ચૌદમા દિવસે સાંજે તમારે તેનો વધ કરવો. તેનાં લોહીમાંથી લઈને જે ઘરમાં તેઓ તે ખાય તેની બંને

બારસાખો તથા ઓતરંગ ઉપર તેઓ છાંટે. તેઓ તે જ રાત્રે તે માંસ અગ્નીમાં શેકીને બેખમીર રોટલી સાથે ખાય તેઓ તે કડવી ભાજી સાથે ખાય. કાચું કે તદ્દન બાફેલુ ખાવુ નહિ. સવાર સુધી તેમાંનું કઈ રાખવું નહિ. તે તમારે તમારી કમર બાંધીને તથા તમારા પગરખા પહેરીને તથા તમારી લાકડી તમારા હાથમાં લઈને ખાવું, કેમકે તે રાત્રે હું આખા મિસર દેશમાં ફરીશ ને મિસર દેશમાં મનુષ્યનાં તથા પશુનાં સર્વ પ્રથમ જનીતને મારી નાખીશ અને હું મિસરનાં સર્વ દેવો ઉપર ન્યાય શાસન લાવીશ. હું યહોવા છું. તમે જે ઘરમાં રહો છો તે ઘર ઉપરનું રકત તમારા લાભમાં ચિહન રૂપ થશે. અને જયારે હું મિસર દેશ પર મરો લાવીશ ત્યારે હું તે રકતને જોઈને તમને ટાળી મુકીશ ને તમારો વિનાશ કરવાને મરકી તમારા પર આવશે નહિ. (નિર્ગમન ૧૨:૧-૧૩).

જેમ દેવે સુચના આપી હતી તેમજ દરેક ઈસ્રાએલીઓએ કર્યુ. તે રાત્રે દેવે મિસરમાં મરો લાવનાર દૂતને મોકલ્યો કે જેણે મિસરીઓનાં એટલે ફારૂનનાં મહેલથી માંડીને ગમાણમાંના તમામ ઢોરઢાંખરનાં પ્રથમ જન્મેલા લોકો તથા ઢોરને મારી નાખ્યા. તે રાત્રે આખા મિસરમાં કલ્પાંત થઈ ઉઠયો કેમકે, એક પણ ઘર એવું ન હતું કે જયાં કોઈ મર્યુ ન હોય. તો પણ

જે ઈસ્રાએલીઓનાં ઘરો તથા બારસાખો ઉપર લોહી જોવા મળ્યું તેઓને દેવે છોડી મુકયાં. મધ્ય રાત્રીએ ફારૂને મુસા તથા હારૂનને આજ્ઞા આપી કે "જાઓ, તમે તથા તમારા લોકો તથા તમારા ઢોરઢાંખર જઈને તમારા દેવની આરાધના કરો અને મને પણ આશીર્વાદ દો." મિસરીઓ ચાહતા હતા કે, ઈસ્રાએલીઓ જતાં રહે કેમકે તેઓને ડર લાગ્યો કે તેઓ પણ બધા મરી જશે. ઈસ્રાએલીઓએ જે પણ કાંઈ માંગ્યુ એટલે સોનુ, રૂપુ, વસ્ત્રો તે સર્વ કઈ મિસરીઓએ તેમને આપ્યુ. તે રીતે મિસરીઓ લૂટાઈ ગયા. મિસરીઓનાં ગોશેન દેશથી માંડીને સુકકોથ સુધી લગભગ ૩૨ કિ.મી.નાં અંતર સુધી ઈસ્રાએલી માણસો ચાલ્યા.

છ લાખથી વધુ પુરૂષો તથા તેમની પત્નીઓ તથા બાળકો મિસર દેશથી નિકળી ગયા. તેઓ પોતાની સાથે તેઓનાં ઢોરઢાંખર તથા ઘેટાં બકરા પણ લઈ ગયા. બીજે દિવસે સવારે સ્ત્રીઓએ મિસરથી નિકળતા પહેલા લીધેલી ખમીર વગરની રોટલીઓ બનાવી. યુસફનાં દિવસથી માંડીને આશરે ૪૩૦ વર્ષ સુધી ઈસ્રાએલીઓ મિસર દેશમાં રહયા. તે દિવસથી માંડી ને પહેલા મહિનાનાં ૧૪મા દિવસે ઈસ્રાએલીઓ દેવને સારુ પાસ્ખાપર્વ મનાવે છે. મિસરની ઘાતકી ગુલામીમાંથી તે રાત્રે દેવે તેને છોડાવ્યા તેની યાદગીરીનું આ પર્વ છે.

આ વાર્તાનું મહત્વ તે દર્શાવે છે કે, જેઓ દેવનાં દુશ્મનો તરીકે રહે છે તેઓ પર દેવનો ન્યાય પ્રગટ થશે. પરંતુ દેવનાં બાળકોને દેવ અંધકારમાંથી કે ગુલામીમાંથી છોડાવશે. ફારૂન એ વ્યકિતનું દૃષ્ટાંત છે કે, જે વ્યકિત પશ્ચાતાપ કરતો નથી. તેને પાપનાં પરિણામથી દુઃખ તો થયું પરંતુ વિશ્વાસ સાથે તે ઈશ્વર તરફ ફર્યો નહિ. આ વાર્તાની સચ્ચાઈ દર્શાવે છે કે, દેવે પાપીઓ ને માટે ઘણું દુઃખ સહન કર્યુ અને જો તેઓ પશ્ચાતાપ નહિ કરે તો તેઓ અનંતકાળનાં નાશમાં જશે. મનુષ્ય સ્વભાવની અનાજ્ઞાંકિતતા અને બદલો લેવાની ભાવના અંતે મરણ અને નાશ લાવે છે.

આ પાઠનાં પુનરાવર્તનમાં નીચેનાં પ્રશ્નોનાં જવાબ આપો.

પ્ર.૧ ઈસ્રાએલી લોકોએ મિસરનાં પડોશીઓ પાસે શું માંગ્યુ ?

(જ) (૬ સેકંડ માટે થોભો) જો તમારો જવાબ છે કે,- ઈસ્રાએલીઓએ મિસરીઓ પાસેથી સોનુ તથા રૂપુ, વસ્ત્રો તથા મુસાફરીને સારુ જરૂરી ચીજો માંગી – તો તમે સાચા છો.

પ્ર.૨ કઈ વિપત્તિને કારણે ફારૂને ઈસ્રાએલીઓને મિસર દેશમાંથી કાઢી મુકયા ?

(જ) (૬ સેકંડ માટે થોભો) જો તમારો જવાબ છે કે,- દેવનો દૂત મિસરમાં ફરી વળ્યો અને દરેક ઘરનાં પ્રથમ જન્મેલાને મારી નાખ્યા – તો તમે સાચા છો.

પ્ર.૩ મિસરમાંથી છુટકારાની યાદગીરીમાં યહૂદીઓ કયુ પર્વ મનાવે છે તેનું નામ આપો.

(જ) (૬ સેકંડ માટે થોભો) જો તમારો જવાબ છે કે,- પાસ્ખાપર્વ – તો તમે સાચા છો.

આ વાર્તા તમારા મિત્રને કહો અને જો કોઈ વ્યકિતને તેઓ જાણે છે કે જે ફારૂન રાજાની જેમ ખોટુ કરતા પકડાય. પાયાની વાત કરીએ તો વ્યકિતએ બદલાવ માટે શું

કરવુ જોઈએ ? (તેઓએ પોતે શું કરવુ જોઈએ અને પોતાની વર્તણુંકનું પરિણામ અવિશ્વાસને કારણે શું આવશે તે જાણવું જોઈએ. જો તેઓ પશ્ચાતાપ ન કરે, બીજાઓને માફી ન આપે અને ઈસુને તેમનાં તારનાર તરીકે ન સ્વીકારે અને અવિશ્વાસ રાખે તો તેમનાં સ્વભાવ અને વર્તણુક નું શું પરિણામ આવશે તે તેમણે જાણવું જ જોઈએ.

આ અભ્યાસને તમે ત્રણ વખત સાંભળો તે તમારૂ ગૃહકાર્ય છે. તમારા મનથી દરેક પ્રસંગો વિચારો ત્યાર બાદ જે તમને યાદ રહયુ તે તમારા શબ્દોમાં વર્ણવો. આ ઘટનાઓ અને બનાવોને સાચી રીતે બીજાને કહી શકો ત્યાં સુધી બરાબર સાંભળો. લગભગ ૪૫ મિનિટ સુધી આ સાભળવાનું ચાલુ રાખો. તમે કોઈક વ્યકિતને આ બાબત કહી શકવા માટે બીજા વ્યકિતની તમને જરૂરત પડશે. પુનરાવર્તનનાં પ્રશ્નો તમારા મિત્રોને પુછો અને સાંભળ્યા પછી તેમના જવાબો આપો.